# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૮-૧૨-૨૦૦૯**

કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકારે દેશની લોકસભા તથા રાજયસભામાં બંધારણીય સુધારો ૧૦૯/૨૦૦૯નું બિલ પસાર કરીને દેશની અંદર સામાજીક વિકાસની સમાનતા ઉભી થાય તે માટે જે અનામતની જોગવાઇ છે તેને વધુ ૧૦ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કરેલો છે. દેશની સંસદમાં કોંગ્રેસની આગેવાનીવાળી સરકારે પસાર કરેલા આ બિલને સમર્થન આપતા પ્રસ્તાવો રાજયની વિધાનસભામાં બંધારણીય જોગવાઇઓ મુજબ પસાર કરવાના થાય છે. કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકારના પસાર થયેલા બંધારણીય સુધારાને અનુમોદન આપવા માટે કાયદાની જોગવાઇઓ મુજબ આજે રાજય સરકારે પ્રસ્તાવ વિધાનસભામાં રજુ કરવો પડેલ. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ આ પ્રસ્તાવને સંપૂર્ણ સમર્થન આપેલ. કેન્દ્રની કોંગ્રેસની સરકારે દેશની અંદર સામાજીક સમાનતા માટે જરુરી એવી અનામતની જોગવાઇઓ કરતાં બંધારણીય સુધારાને રજુ કરીને ૧૦ વર્ષ અનામતને લંબાવી આપવાનો જે નિર્ણય કર્યો છે તેને વિધાનસભા કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રીઓ આવકારી અને અભિનંદન પાઠવેલ હતા.

સાચો વિકાસ એ છે કે જેમાં ગરીબ અને શ્રીમંત વચ્ચે અંતર ઘટે. ગુજરાતમાં આજે જેના પાસે છે તેવા ધનિક ધનિક જ બનતા જાય છે. જયારે દલિત, આદિવાસી અને ગરીબ માટે ચિંતા થતી નથી. શિક્ષણ ગુજરાતમાં વ્યવસાયલક્ષી બની રહયું છે. તેમાં અનામતનો લાભ મેળવનાર વિદ્યાર્થી હાલ સસ્તુ મેડીકલ કોલેજનું શિક્ષણ મેળવે છે. હવે આ સરકારી મેડીકલ કોલેજોને પણ સેલ્ફ ફાઇનાન્સ કરી નાખવાનો નિર્ણય અન્યાયકર્તા છે. ગુજરાતમા્ આદિવાસી વિસ્તાર માટે જે થવુ જોઇએ તે થતુ નથી. મોટા ઉદ્યોગપતિઓ માલેતુજાર થાય તે માટે સરકાર ચિંતા કરે છે પરંતુ દલિત કે આદિવાસીની ચિંતા નથી.

કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ.સરકારે અનામત દશ વર્ષ વધારી આપવાનો નિર્ણય કરેલ છે તેના માટે શ્રીમતી સોનિયા ગાંધી તથા ડો.મનમોહનસિંહજીને અભિનંદન પાઠવેલ છે.

આજની ચર્ચામાં વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઇ પટેલ, પૂર્વ નેતાશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, માન.ધારાસભ્યશ્રી અનિલભાઇ જોષીયારા, શ્રી બાબુભાઇ શાહ, શ્રી શૈલેષભાઇ પરમાર વિગેરેએ ભાગ લીધો હતો.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ